# પુનરાવર્તન (પાઠ 17 થી 22)

**1. નીચેની ચર્ચા વાંચી તેના આધારે નીચે આપેલ પ્રશ્નોના જવાબ લખો :**

પાવન : અલ્યા યુવરાજ ! ચાલ, શાળાએ નથી આવવું ?

યુવરાજ : ના પાવન. મારું લેસન બાકી છે.

પાવન : મારું પણ બાકી છે. તે છતાં હું તો જાઉં છું.

યુવરાજ : આપણા બંનેના સર અલગ છે દોસ્ત. એમના સ્વભાવ પણ જુદા જુદા છે.

1. યુવરાજનું ગૃહકાર્ય કેમ બાકી રહી ગયું હશે ?
2. પાવનના શિક્ષક તેની સાથે કેવો વ્યવહાર કરશે ?
3. યુવરાજના શિક્ષકનો સ્વભાવ કેવો હશે ?
4. તમારું ગૃહકાર્ય બાકી રહી જાય ત્યારે તમે શું કરો છો ?
5. ગૃહકાર્ય પૂરું ન કરનાર વિદ્યાર્થી સાથે તમારા શિક્ષક કેવો વ્યવહાર કરે છે ?

**2. નીચે આપેલ સમાચાર વાંચી તેના પર આધારિત પાંચ પ્રશ્નો બનાવો :**

મોટેરા સ્ટેડિયમમાં સહવાગનો સપાટો :

સદી ફટકારી કાંગારુઓને પછાડ્યા.

**3. નીચેના સુવાક્યોનો વિચાર-વિસ્તાર કરો :**

‘ઈશ્વરઅલ્લા ચાહે ગુરુ, ચાહે કહો શ્રી રામ

માલિક સબકા એક હૈ, અલગ-અલગ હૈ નામ.’

**4. નીચેની બાબતો અંગે તમારા વિચારો વર્ગ સમક્ષ રજૂ કરો :**

- દેવાંગની એક પેન તમને ખૂબ ગમે છે. એક દિવસ શાળામાં તેની પેન ખોવાઈ જાય છે. તે પેન તમને જડે છે. હવે તમે શું કરશો ?
- પતંગની દોરીથી ઘાયલ થયેલું કબૂતર તમારી સામે તરફડી રહ્યું છે. આ પરિસ્થિતિમાં તમે શું કરશો ?

**5. નીચેના ઉદાહરણમાં જણાવ્યા મુજબ સામાસિક વાક્ય બનાવો :**

ઉદાહરણ : મારે પણ દાળ અને ભાત જ ખાવાં છે.

મારે પણ દાળ-ભાત જ ખાવાં છે.

1. કાબરી ડાંસ જેવી ભૂખી હતી.
2. માતા અને પિતાની સેવા કરવી એ સંતાનનો ધર્મ છે.
3. હું તો હરિનું મુખ જોઈ ફૂલી રે.

**6. નીચેની કાવ્યપંક્તિ પૂર્ણ કરો :**

1. વસેલા ધંધાર્થે ...........................

   મિલને તે રજનીએ

2. તાંબાના તરભાણે..............................

   સુખ આવશે અમારે સરનામે.

**7. નીચેનો ગદ્યાંશ વાંચીને તેનો સાર લખી યોગ્ય શીર્ષક આપો :**

**ગદ્યાંશ**

બરાબર આ જ વખતે આખાયે દેશમાં ગાંધીજીના નેતૃત્વ હેઠળ આઝાદીનો જંગ શરૂ થયો. ચુનીલાલને એ જંગમાં ઝુકાવવાની ઈચ્છા થઈ. પરંતુ એમનું મન ભારે મથામણ અનુભવવા લાગ્યું. એક બાજુ ભણીગણીને કુટુંબને ઉપયોગી થવાનું હતું; તો બીજી બાજુ દેશ માટે બલિદાન આપવાની વાત હતી. શું કરવું ? ચુનીલાલ ઘણું વલોવાયા ને છેવટે એમણે ત્યાગનો અને દેશસેવાનો માર્ગ પસંદ કર્યો. દેશસેવા કરતાં - કરતાં કુટુંબને થાય તેટલી મદદ જરૂર કરી, પરંતુ દેશસેવાનો જુસ્સો મંદ પડવા ન દીધો.

**8. બાળકોને 'મારી ડાયરી' બનાવવા કહીને તેમાં 7 દિવસની રોજનીશી લખવા કહેવું અને આ રોજનીશીનું વર્ગમાં વાંચન કરાવવું.**

**9. (અ) નીચે આપેલા સમાસોનાં નામ લખો :**

1. માથાબૂડ
2. શિષ્યવૃત્તિ
3. ઈશ્વરપ્રાપ્તિ
4. સેવાપૂજા
5. પવનવેગે

**(બ) નીચેના શબ્દોની સંધિ છૂટી પાડો :**

1. સત્યાગ્રહ
2. મહાત્મા
3. વાતાવરણ
4. મિષ્ટાન્ન
5. ભાષાંતર

**(ક) તમે સાંભળેલી કહેવતોની યાદી બનાવો.**

## 10. સૂચના મુજબ કરો :

- નીચેના શબ્દ-સ્વસ્તિકનો અભ્યાસ કરો :




- નીચેનો શબ્દ - સ્વસ્તિક પૂર્ણ કરો :




- નીચે શબ્દ - સ્વસ્તિકની રચના કરો :



- નીચે શબ્દ-સ્વસ્તિક રચી તમારા મિત્રોને પૂર્ણ કરવા આપો :

